# (નવરાત્રી )

આત્મીય સૃહદજનો.

પાર્ટી પ્લોટ વાળી નવરાત્રીને શું  નવરાત્રી કહેવાય ?? સાવધાન. ચેતજો.. સાવધાન..ચેતજો... ગુર્જર ભૂમિના સંતાનો ચેતજો. નવરાત્રીને મનોરંજનનું સાધન બનાવી દીધું છે.ધાર્મિક ઉત્સવના નામે કોઈ દિવસ આવી રીતના મનોરંજન હોય ના શકે. મનોરંજન કરવું હોય તો તમે અલગ નવરાત્રી સિવાય ગરબાના પ્રોગ્રામો રાખો. પણ નવરાત્રિના નામે વેપાર બંધ કરો. નવરાત્રિમાં  વેપાર કરવાનું પ્રોત્સાહન પણ રાજકીય પાર્ટીઓ આપી રહી છે.આપણે ગુજરાતની ધરતીના લોકો નવરાત્રીના નામે કઈ દિશામાં જઈ રહ્યા છીએ એ જ ખબર પડતી નથી.!!!! પાર્ટી પ્લોટમાં પૈસાથી પાસ ખરીદવાના, મોડી રાત સુધી  વેચાતા ગરબા ગાવાના અને મોજ મસ્તી અને ખાણી પીણીની સ્ટોલ. સવારે ત્રણ ચાર વાગ્યે ઘરે આવવાનું. આવીને મોટાભાગે આખો દિવસ સુઈ જવાનું. બીજી રાત્રે અને તમામ રાત્રીની એ જ પ્રોસેસ.પાર્ટી પ્લોટમાં કોણ ગરબા ગાવા જાય છે? માતાજીના ભક્તો છે? કેટલા ટકા હશે? સનાતન ધર્મ સિવાયના પણ અમુક એવા વ્યક્તિઓ જેમના ઈરાદા બહુ સારા નથી એવા પણ પાસ લઈને ઘૂસી જાય છે અને પોતાનું નામ બદલી હિંદુ નામ ધારણ કરી દે છે અને એનો દુરુપયોગ કરી એનો ભોગ આપણી દીકરીઓ થઈ રહી છે.ચેતજો હજુ ચેતજો.પાર્ટી પ્લોટના ગરબા સદંતર બંધ કરી દો. પાર્ટી પ્લોટના ગરબાને પરવાનગી આપવાનું બંધ કરો.એવો સમય આવશે તો ભવિષ્યમાં પાર્ટી પ્લોટના ગરબા ના છૂટકે બંધ કરવા પડશે. ત્યારે બહુ મોડું થઈ ગયું હશે. હાલ જ્યાં સુધી બંધ ના કરી શકો ત્યાં સુધી બે પ્રકારની એન્ટ્રી રાખો. અને તમામના આધાર કાર્ડ અથવા ચૂંટણી કાર્ડ જોઈને પ્રવેશ આપો. એક વિભાગમાં માત્ર ગરબા જોવાની છૂટ્ટી આપો. જેમાં તમામ વ્યક્તિઓને પ્રવેશ આપી શકાય અને બીજો વિભાગ જે ગરબા ગાવાનો છે ત્યાં માત્ર ને માત્ર સનાતન ધર્મના લોકોને જ પ્રવેશ આપો. એથી આગળ શેરી ગરબા અને ફ્લેટ /સોસાયટીના ગરબાને પ્રોત્સાહન આપો.

ભૂતકાળમાં અમદાવાદમાં રબારી કોલોનીના ગરબા, રતનપોળના ગરબા, ભદ્રકાળીના સુંદર ગરબાની કોને નથી ખબર ?  ગામડામાં જઈ આવો ત્યારે ખબર પડશે ગરબા કેવા હોય? હાલ આ દુનિયામાં શ્રેષ્ઠ ગરબા જોવા હોય તો મોરારીબાપુના મહુવામાં એમના ગુરુકુળમાં એકવાર જઈ આવજો. સાચા ગરબા જોવા મળશે. પોતાની જાતને સનાતની કહેવડાવવા વાળા અને પોતાને હિન્દુ સંગઠનોના સભ્યો સમજનારા સમયસર ચેતજો નહીં તો, વધારે ભયંકર  પરિણામો ભોગવવા પડશે. નવરાત્રીનું મહત્વ શું છે? એ કોણ  જાણે છે? લોકો કેટલું જાણે છે? કોને ખબર? માં જગદંબા નવ-નવ દિવસ સુધી યુદ્ધ કરી  મહિષાસુર રાક્ષસનો નાશ કર્યો. નવ દિવસ સુધી નારી શક્તિનો સંઘર્ષ એટલે નવરાત્રી. એની ઉજવણીના ભાગ રૂપે તમે ઉપવાસ કરો,  માતાજીના નામના ગરબા ગાઓ. (એમાં કોઈ જગ્યાએ ફિલ્મી ગીતો ના હોય), યજ્ઞ કરો, પૂજન કરો. માતાજીનો ઉપવાસ કરી માતાજીનો સાક્ષાત્કાર અને કૃપા મેળવવાનો તહેવાર એટલે નવરાત્રી.આવી સમજણ કોણ ઊભી કરશે? ક્યારે ઊભી થશે? કઈ રીતે ઊભી થશે? હાલ તો  નવરાત્રી એટલે માત્ર જ મનોરંજન સિવાય બીજું કંઈ જ નહીં!!! આ નવરાત્રી ના કહેવાય. છોકરાઓને વિનંતી કે તમારા ઘરમાં બેન-દીકરીઓ પાર્ટી પ્લોટમાં ગરબા ગાવાનું પસંદ કરતી હોય તો તેમની સાથે જવાનું રાખજો, આવતા-જતા રસ્તામાં તેમની સલામતીનું ધ્યાન રાખજો.હું તો કહું છું કે રક્ષાબંધનમાં આપેલ વચન નિભાવવાનો આ નવરાત્રીનો તહેવાર સમજજો.આજની પાર્ટી પ્લોટ વાળી નવરાત્રી દૂષણનો તહેવાર થઈ ગયો છે.એ બરાબર સમજી લેજો.માતા-પિતાને નવ દિવસ સુધી ટેન્શનમાં રાખતો તહેવાર એટલે નવરાત્રી.જો દીકરીઓ  નહીં સમજે અને તેની જાતની સલામતી નહીં સમજે તો પછી માતાજી પણ રક્ષા નહીં કરે. ગઈ નવરાત્રીમાં બનેલો કિસ્સો ભૂલી ગયા હોય તો યાદ કરજો.સરકારે દીકરીઓને બંદૂકના લાયસન્સ અને સલામતીની તાલીમ આપવાનું શરૂ કરવી પડશે.દિકરીઓને તાકાત વાળી બનાવો.પોતાની સલામતી જાતે કરી શકે તેવી બહાદુર બનાવો. દીકરીઓ જ, જો સમજશે તો જ નવરાત્રિનો તહેવાર પોતાના અસલ રૂપમાં પાછો આવશે. માં જગદંબા સૌને સદબુદ્ધિ આપે એ જ અભ્યર્થના સાથે જય માતાજી.

આજા માનવના જય ભગવાન જય પરમાત્મા.
(વૈશ્વિક જીવન દર્શની તા=25/9/25)
" અંતરની એરણ થી "